eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 303
December 27, 2012

## સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા નેશનલ લેવલ ફાયર અને ઈવેકયુશન ડ્રીલનું આયોજન

ભારત સરકારશ્રીનાં ડાયરેકટર જનરલ સીવીલ ડીફેન્સ(ડી.જી.સી.ડી.)નાં નિર્દેશાનુસાર સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ એમ.પટેલનાં નેતૃત્વ હેઠળ તા.૨૦/૦૧/૨૦૧૨નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે નેશનલ લેવલ ફાયર અને ઈવેકયુશન ડ્રીલનું આયોજન પ્રાથમિક શાળા ક્રમાંક ૨૦૩, જલારામનગર, ગોડાદરા, સુરત ખાતે કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગાંધીસ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે કાર્યક્રમ કરવા બાબતે રસ ધરાવનાર ઈચ્છુક તમામ વ્યકિતઓ/ આયોજકો/સંસ્થાઓ જોગ જાહેરાત

આથી ગાંધીસ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે કાર્યક્રમ કરવા બાબતે રસ ધરાવનાર ઈચ્છુક તમામ વ્યકિતઓ/આયોજકો/સંસ્થાઓને જણાવવામાં આવે છે કે હાલ બુકીંગ માટેની પ્રથા મુજબ દર માસની ૧ લી તારીખે અરજદારોની રૂબરૂ ડ્રો કરી જે તે સંસ્થા/આયોજકો વગેરેને કાર્યક્રમ માટે આગામી ૨(બે) માસ પછીના માસ માટેની તારીખ/સેશન ફાળવવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની દેશભકિતગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની દેશભકિતગીત સ્પર્ધા તા.૨૧/૦૧/૨૦૧૨ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુમન હાઈસ્કુલ નં.૬, વિજયાનગર સ્ટેડીયમ પાસે, ઉધના, સુરત ખાતે યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી/સુતરાંજલીનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મ જયંતિ નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૧૨ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક પાસે આવેલ નેતાજીના સ્મારક પાસે પુષ્પાંજલી/સુતરાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા નેશનલ લેવલ ફાયર અને ઈવેકયુશન ડ્રીલનું આયોજન

ભારત સરકારશ્રીનાં ડાયરેકટર જનરલ સીવીલ ડીફેન્સ(ડી.જી.સી.ડી.)નાં નિર્દેશાનુસાર સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ એમ.પટેલનાં નેતૃત્વ હેઠળ તા.૨૦/૦૧/૨૦૧૨નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે નેશનલ લેવલ ફાયર અને ઈવેકયુશન ડ્રીલનું આયોજન પ્રાથમિક શાળા ક્રમાંક ૨૦૩, જલારામનગર, ગોડાદરા, સુરત ખાતે કરવામાં આવેલ હતું.

આ ડ્રીલમાં બાળકોને સ્કુલ સેફટી, ફાયર પ્રિવેનશન અને પ્રોટેકશન અંગેની માહીતી આપવામાં આવી હતી. તથા ભારત સરકારશ્રીનાં નેશનલ બિલ્ડીંગ કોડ પ્રમાણે ઈવેકયુશન ડ્રીલની પધ્ધતિ બતાવવામાં આવેલ અને તેનું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ હતું. જેમાં કુલ–૦૬ શાળાઓના ૨૪૦૦ બાળકોએ ભાગ લીધેલ હતો.

આ ડ્રીલમાં (અ) આગ એટલે શું ? (બ) આગનાં પ્રકારો (૩) આગ બુઝવવાનાં પધ્ધતિઓ (ડ) આગ લાગવાનાં કારણો (ઈ) આગ અકસ્માતમાં કયા પ્રકારની ગંભીરતા સર્જાઈ શકે અને તેવા સંજોગોમાં બાળકો પોતાનો સેલ્ફ કોન્ફીડન્સ ડેવલોપ કરી નાનામાં નાની ઈમરજન્સી નિવારવા માટે વિવિધ પધ્ધતિઓ તથા સેફટી મેજરસ અપનાવવા માટેનું સુચક ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ. વધુમાં ડ્રીલ દરમ્યાન ગુજરાત રાજય સરકારશ્રી આપત્તિ વ્યવસ્થાપન મંડળ(જી.એસ.ડી.એમ.એ.) તરફથી આપવામાં આવેલ અધ્યતન વાહનો અને તેના સાધનોનું નિર્દેશન કરવામાં આવેલ હતું. અને બાળકોને આગ અકસ્માતનાં સમયે સ્વરક્ષણ અને જાનમાલનાં રક્ષણ કેવી રીતે કરી શકાય તેનો ખ્યાલ આપેલ હતો. આ ડ્રીલ કરવાનો મુખ્ય હેતુ બાળકોમાં સેલ્ફ કોન્ફીડેન્સ તથા નાનામાં નાની ઈમરજન્સી સહી સલામત રીતે નિવારણ કરવાનો હતો.

મહાનગરપાલિકાનાં મ્યુ.કમિશ્નરશ્રીનાં નિર્દશન અનુસાર ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ એમ. પટેલનાં નેતૃત્વ હેઠળ તા.૦૮/૧૨/૧૧ થી તા.૨૮/૦૧/૧૨ સુધી સુરતની તમામ સ્કુલોની અંદર કોમ્યુનીટી અવેરનેસનાં પોગ્રામ એરેન્જ કરવામાં આવેલ છે. અને ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા આજદિન સુધી કુલ–૧૪૫ સ્કુલનાં કુલ ૧૪૦૦૦ બાળકો અને કુલ–૪૫૦ શિક્ષકોને આગ અકસ્માતની સલામતી માટે વિવિધ પ્રકારની પધ્ધતિઓની તાલીમ આપવામાં આવી ચુકી છે.

TOP

## ગાંધીસ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે કાર્યક્રમ કરવા બાબતે રસ ધરાવનાર ઈચ્છુક તમામ વ્યકિતઓ/ આયોજકો/સંસ્થાઓ જોગ જાહેરાત

**આથી ગાંધીસ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે કાર્યક્રમ કરવા બાબતે રસ ધરાવનાર ઈચ્છુક તમામ વ્યકિતઓ/આયોજકો/સંસ્થાઓને જણાવવામાં આવે છે કે હાલ બુકીંગ માટેની પ્રથા મુજબ દર માસની ૧ લી તારીખે અરજદારોની રૂબરૂ ડ્રો કરી જે તે સંસ્થા/આયોજકો વગેરેને કાર્યક્રમ માટે આગામી ૨(બે) માસ પછીના માસ માટેની તારીખ/સેશન ફાળવવામાં આવે છે. તેને બદલે વહીવટી સરળતા ખાતર નવા અમલમાં આવતા ધારાધોરણ મુજબ દરેક બુકીંગ કરાવનારે બુકીંગમાં ભાગ લેવા અંગે સરનામા તથા ઓળખના પુરાવા સાથે હવેથી આગામી ૫(પાંચ) માસના પછીનાં બુકીંગ માટે, દર માસની તા.૨૦ થી તા.૨૮ તારીખ સુધીમાં, કચેરીના કામકાજના દિવસોના સમય દરમ્યાન સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન મેનેજરશ્રી, ગાંધીસ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન શો માં શો દીઠ રૂા.૩,૦૦૦/– લેખે રોકડા/ડીમાન્ડ ડ્રાફટથી રીફંડેબલ ડીપોઝીટ ભરપાઈ કરી નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. દર માસની તા.૨૮ તારીખ બાદ કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહિં. વધુ વિગત માટે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.**

**આગામી એપ્રિલ–૨૦૧૨ માસના બુકીંગ માટેનો ડ્રો તા.૦૧/૦૨/૨૦૧૨નાં રોજ હોય, એપ્રિલ,મે,જૂન માસમાં કાર્યક્રમ કરવા માટે ઈચ્છુક તમામ વ્યકિતઓ/આયોજકો/સંસ્થાઓએ હવે તા.૨૦ થી તા.૨૮ જાન્યુઆરી,૨૦૧૨ સુધીમાં નિયત નમુનામાં ડીપોઝીટ, પુરાવા સહીત અરજી કરવાની રહેશે.**

**TOP**

## ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની દેશભકિતગીત સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા ધ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની દેશભકિતગીત સ્પર્ધા તા.૨૧/૦૧/૨૦૧૨ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુમન હાઈસ્કુલ નં.૬, વિજયાનગર સ્ટેડીયમ પાસે, ઉધના, સુરત ખાતે યોજવામાં આવી હતી.સ્પર્ધામાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગ મળી ૨૦ જેટલી શાળાઓના ૧૨૫થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | શ્રી પરીક્ષિતલાલ મજમુદાર પ્રા.શાળા નં.૧૯૭ | જીવન વિકાસ હાઈસ્કુલ |
| દ્વિતીય | શહીદ વિનોદ કિનારીવાલા પ્રા.શાળા નં.૨૦૯ | સુમન હાઈસ્કુલ નં.૧ |
| તૃતીય | ઉદ્યોગ ભારતી વિદ્યાલય | શેઠ શ્રી પી.એચ.બચકાણીવાલા વિદ્યામંદિર |
| આશ્વાસન | શ્રી મણીબેન પટેલ પ્રા.શાળા નં.૧૯૮ | |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી,ઉપાધ્યાક્ષશ્રી ભવાનભાઈ સીસારા તથા અન્ય મહાનુભાવોના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, સંગીત શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને લ્હાણી આપવામાં આવી હતી. દેશભકિતગીત સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી સમીરભાઈ જાદવ અને શ્રી મહીપતસિંહ દોડીયાએ સેવા આપી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી/સુતરાંજલીનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મ જયંતિ નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૧૨ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક પાસે આવેલ નેતાજીના સ્મારક પાસે પુષ્પાંજલી/સુતરાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી નેતાજીને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના બાળકો હાજર રહી નેતાજી સુભાષચંદ્ર બોઝ વિષે વકતવ્ય રજુ કરી રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

TOP